રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની માંદગીના હેતુ માટેની રજાઓ બાબત.

ગુજરાત સરકાર,

નાણાં વિભાગ.

ઠરાવ ક્રમાંકઃ FD/ZUD/e-file/4/2023/3483/Z1(Economy)

સચિવાલય, ગાંધીનગર.

તાઃ-.../૦૧/૨૦૨૪

વંચાણે લીધાઃ-

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણાં વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૩) નાણાં વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧

(૪) નાણાં વિભાગનો તા.૧૨/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

**આમુખ:-**

સંદર્ભ ક્રમાંક-(૧) સામેના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૦૫ (પાંચ) વર્ષ માટે ફિક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. તેમજ સંદર્ભ ક્રમાંક-(૨) થી (૪) થી કરાર આધારિત ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓનો ફિક્સ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

સંદર્ભ ક્રમાંક-(૪)ના સામેના નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી ફીકસ પગારના કર્મચારીને માંદગીના હેતુ માટે મળવાપાત્ર રજાઓ અંગે જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઈ સંદર્ભે રાજ્ય સરકારના વિવિધ વિભાગો તરફથી માંદગીના હેતુસર રજાઓ મંજુર કરવાની સત્તાસોંપણી અંગે તથા કર્મચારી કુટુંબના સભ્યોની માંદગીના હેતુ માટે ઉક્ત રજાઓ ભોગવી શકે તેવી રજૂઆતો મળેલ હતી. આથી,આ રજૂઆતો અન્વયે નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૪)થી થયેલ જોગવાઇઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે સંદર્ભ ક્રમાંક-(૩) અને (૪) અન્વયે નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવોથી કરવામાં આવેલ માંદગીના હેતુસરની ખાસ રજાની જોગવાઇઓમાં નીચે મુજબનો જરૂરી સુધારો કરવામાં આવે છે:

**(૧) ફીકસ પગારના કર્મચારીની પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજાના સંજોગોમાં વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦**

રજાઓ નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાતની માદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે. સબંધિત કચેરીના વડા આ રજાઓ મંજુર કરી શકશે.

(૨) નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી મળવાપાત્ર માંદગીના હેતુસરની જમા રજાઓ ઉપરાંત, ફીકસ પગારના કર્મચારીએ કરારીય સમયગાળા દરમિયાન માંદગીના હેતુસર વધુમાં વધુ ૯૦ દિવસ સુધી ભોગવેલ કપાત પગારી રજાઓ સબંધિત ખાતાના વડા મંજૂર કરી શકશે. તેમજ ૯૦ દિવસથી વધુ અને ૧૮૦ દિવસ સુધીની માંદગીના હેતુસર ભોગવેલ કપાત પગારી રજાઓ સબંધિત વહીવટી વિભાગના વડા મંજુર કરી શકશે. તેમજ તેટલો કરારીય સમયગાળો લંબાવવાનો રહેશે.

(૩) માંદગીના હેતુસરની નિયમોનુસાર મળવાપાત્ર રજાઓ ઉપરાંત ૧૮૦ દિવસથી વધુ કપાત પગારી રજાઓ મળવાપાત્ર થશે નહી.

સંદર્ભ ક્રમાંક-(૧) થી (૪) સામેના ઠરાવની અન્ય તમામ બોલીઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડૉ.નિસર્ગ વી. જોષી)

નાયબ સચિવ

નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી(બજેટ), સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખાતાઓના વડાઓ.
- એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ) , ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.) , ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર.
- સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આઇ.ટી.કો-ઓર્ડિનેટર, નાણા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ, ઝ.૧ શાખા.